ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ, સુરત

સ્પોર્ટ્સ લાઇન

બુધવાર 3 એપ્રિલ, ૨૦૨૪

અમે હાર માનવા વગર સંઘર્ષ કરતાં રહીશું : મુંબઇ ઇન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક

મુંબઇ, તા. 02 (પીટીઆઇ) : મુંબઇ ઇન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ શુક્રવારે કહ્યું હતું કે માજી ચેમ્પિયન ટીમ હાર નહીં માને અને હારની હેટ્રિક કરી હોવા છતાં, વર્તમાન આઇપીએલમાં અમારો સંઘર્ષ ચાલુ રહેશે. હાર્દિકે X પર પોસ્ટ કર્યું હતું કે આ ટીમ વિશે તમારે એક વાત જાણવી જોઈએ. અમે હાર માનતા નથી. અમે સંઘર્ષ ચાલુ રાખીશું. હિંમત અકબંધ રહેશે. હાર્દિકને રોહિત શર્માની જગ્યાએ મુંબઇ ઈન્ડિયન્સનો કેપ્ટન બનાવવામાં આવ્યો ત્યારથી જ તેને ચાહકોના રોષનો સામનો કરવો પડી રહ્યો છે.

આઇપીએલ પોઇન્ટ ટેબલ

ક્રમ	ટીમ	મેચ	જીત	હાર	પોઇન્ટ	નેટ રનરેટ
1	આરઆર	3	3	0	6	1.249
2	કેકેઆર	2	2	0	4	1.047
3	સીએસકે	3	2	1	4	0.976
4	એલએસજી	3	2	1	4	0.483
5	જીટી	3	2	1	4	-0.738
6	એસઆરએચ	3	1	2	2	0.204
7	ડીસી	3	1	2	2	-0.016
8	પીબીકેએસ	3	1	2	2	-0.337
9	આરસીબી	4	1	3	2	-0.876
10	એમઆઇ	3	0	3	0	-1.423

મયંક યાદવના કાતિલ વારથી લખનૌએ RCBને હરાવ્યું

ડિ કોકની 55 બોલમાં 81 અને નિકોસલ પૂરનની 21 બોલમાં 40 રનની ઇનિંગથી એલએસજીએ 5 વિકેટે 181 રન બનાવ્યા

યુવા સ્પીડ સેન્સેશન મયંક યાદવે 4 ઓવરમાં માત્ર 14 રન આપીને આરસીબીના મિડલ ઓર્ડરને ધરાશાયી કરી દીધો

બેંગલુરુ, તા. 02 : આઇપીએલમાં આજે મંગળવારે અહીં રમાયેલી મેચમાં વિકેટકીપર બેટ્સમેન ક્વિન્ટન ડિ કોકની આક્રમક ઇનિંગ ઉપરાંત અંતિમ ઓવરોમાં નિકોલસ પૂરનની ફટકાબાજીથી લખનૌ સુપરજાયન્ટ્સ (એલએસજી)એ પાંચ વિકેટે 181 રન બનાવીને મૂકેલા 182 રનના લક્ષ્યાંક સામે મયંક યાદવની કાતિલ બોલિંગને કારણે રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ 19.4 ઓવરમાં 153 રને ઓલઆઉટ થઇ જતાં એલએસજીએ મેચ 28 રને જીતી લીધી હતી.

લક્ષ્યાંક આંબવા મેદાને ઉતરેલી આરસીબીની ટીમને વિરાટ કોહલી અને ફાફ ડુ પલેસિની જોડીએ સારી શરૂઆત અપાવી હતી, પણ કોહલી આઉટ થયો તે પછી થોડી જ વાર ડુ પ્લેસિ રનઆઉટ થતાં આરસીબી મૂશ્કેલીમાં મુકાયું હતું અને તે પછી મયંક યાદવે ગ્લેન મેક્સવેલ, કેમરન ગ્રીન અને રજત પાટીદારની વિકેટ ખેરવીને તેમની મુશ્કેલી વધારી હતી. મહિપાલ લોમરોરે કંઇક અંશે પ્રયાસ કર્યા હતા પણ વધતી જતી રનરેટના પ્રેશરથી તે પણ આઉટ થતાં આરસીબીની હાર પાકી થઇ હતી.

ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરતા લખનૌને ડિ કોક અને કેએલ રાહુલની જોડીએ સારી શરૂઆત અપાવીને પાવરપ્લેમાં બોર્ડ પર 53 રન મૂક્યા હતા ત્યારે રાહુલ 20 રન કરીને આઉટ થયો હતો. તે પછી દેવદત્ત પડીકલ અને માર્કસ સ્ટોઇનિસ પણ ટૂંકી ઈનિંગ રમીને આઉટ થતાં લખનૌનો સ્કોર 3 વિકેટે 129 રન થયો હતો. જો કે ડિ કોકે એક છેડેથી ફટકાબાજી ચાલુ રાખી હતી. તે 56 બોલમાં 8 ચોગ્ગા અને 5 છગ્ગાની મદદથી 81 રન કરીને આઉટ થયો હતો અને તે પછી નિકોલસ પૂરને 21 બોલમાં 40 રનની ઈનિંગ રમીને લખનૌના સ્કોરને 181 રન સુધી પહોંચાડવામાં સહાયકની ભૂમિકા ભજવી હતી. પુરને એક ચોગ્ગો અને પાંચ છગ્ગા ફટકાર્યા હતા. લખનૌએ છેલ્લી પાંચ ઓવરમાં બે વિકેટ ગુમાવીને 50 રન બનાવ્યા હતા. જેમાં 19મી ઓવરમાં 20 રન અને 20મી ઓવરમાં 13 રન સામેલ છે. આરસીબી માટે ગ્લેન મેક્સવેલે ચાર ઓવરમાં 23 રન આપીને બે વિકેટ ઝડપી હતી.

લખનૌ સુપર જાયન્ટ્સ	રન	બોલ	4	6
ડિ કોક કો.ડાગર બો.ટોપલી	81	56	8	5
રાહુલ કો.ડાગર બો.મેક્સવેલ	20	14	0	2
પડીકલ કો.અનુજ બો.સિરાજ	6	11	0	0
સ્ટોઇનિસ કો.ડાગર બો.મેક્સવેલ	24	15	1	2
પૂરન નોટઆઉટ	40	21	1	5
બદોની કો.ડુપ્લેસિ બો.યશ	0	3	0	0
કૃણાલ નોટઆઉટ	0	0	0	0
વધારાના	10			
કુલ (20 ઓવર્સમાં 5 વિકેટે)	181			

વિકેટપતન : 1/53, 2/73, 3/129, 4/143, 5/148

બોલિંગ	O	M	R	W
રિસ ટોપલી	4	0	39	1
યશ દયાલ	4	0	24	1
મહંમદ સિરાજ	4	0	47	1
ગ્લેન મેક્સવેલ	4	0	23	2
મયંક ડાગર	2	0	23	0
કેમરન ગ્રીન	2	0	25	0

રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ	રન	બોલ	4	6
કોહલી કો.પડીકલ બો.સિદ્ધાર્થ	22	16	2	1
ડુ પ્લેસી રનઆઉટ	19	13	3	0
પાટીદાર કો.પડીકલ બો. યાદવ	29	21	2	2
મેક્સવેલ કો.પૂરન બો.યાદવ	0	2	0	0
ગ્રીન બો.યાદવ	9	9	1	0
રાવત કો.પડીકલ બો.સ્ટોઇનિસ	11	21	0	0
મહિપાલ કો.પૂરન બો.યશ	33	13	3	3
કાર્તિક કો.રાહુલ બો.નવીન	4	8	0	0
મયંક રનઆઉટ 0.00	0	1	0	0
ટોપલે નોટઆઉટ	3	6	0	0
સિરાજ કો.પૂરન બો.નવીન	12	8	0	2
વધારાના	11			
કુલ (19.4 ઓવર્સમાં ઓલઆઉટ)	153			

વિકેટપતન : 1/40, 2/42, 3/43, 4/58, 5/94, 6/103, 7/136, 8/137, 9/138, 10/153

બોલિંગ O M R W ECON 0s 4s 6s WD NB

બોલિંગ	O	M	R	W
મની સિદ્ધાર્થ	3	0	21	1
કૃણાલ પંડ્યા	1	0	10	0
નવીન ઉલ હક	3.4	0	25	2
મયંક યાદવ	4	0	14	3
રવિ બિશ્નોઇ	3	0	33	0
યશ ઠાકુર	4	0	38	1
માર્કસ સ્ટોઇનિસ	1	0	9	1

ઇરાસ્મસે 2019ની વર્લ્ડકપ ફાઇનલમાં 'મોટી ભૂલ' કરી હોવાનું સ્વીકાર્યું

ઈંગ્લેન્ડને અંતિમ ઓવરમાં ઓવર થ્રોના છ રન આપવામાં ભુલ થયાનું ઇરાસ્મસે સ્વિકાર્યું અને કહ્યું કે તે સમયે 5 રન જ આપવાના હતા

આ સિવાય રોસ ટેલરને લેગબિફોર આઉટ આપવાનો પોતાનો નિર્ણય પણ ખોટો રહ્યો હોવાનું દક્ષિણ આફ્રિકન અમ્પાયરે સ્વીકાર્યું

લંડન, તા. 02 (પીટીઆઇ) : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)ના અમ્પાયરોની ચુનંદા પેનલમાંથી તાજેતરમાં નિવૃત્ત થયેલા મેરાઇસ ઇરાસ્મસે 2019ના વન ડે વર્લ્ડકપની ફાઇનલમાં 'મોટી ભૂલ' કરી હોવાનું સ્વીકાર્યું હતું. પ્રતિષ્ઠિત લોર્ડ્સના મેદાનમાં ઈંગ્લેન્ડે વિવાદાસ્પદ રીતે ફાઇનલમાં જીત મેળવી હતી. સુપર ઓવર પછી મેચ ટાઇ રહી હતી તે પછી હવે નાબૂદ કરાયેલા બાઉન્ડ્રી કાઉન્ટના નિયમના આધારે ઈંગ્લેન્ડે ન્યૂઝીલેન્ડને હરાવીને તેનું પ્રથમ વનડે વર્લ્ડકપ ટાઇટલ જીત્યું હતું.

જો મેદાન પરના અમ્પાયરો ઈરાસ્મસ અને કુમાર ધર્મસેનાએ 50મી ઓવરમાં ઈંગ્લેન્ડને ઓવરથ્રો માટે છ રન આપ્યા ન હોત, તો રમત નિર્ધારિત સમયમાં સમાપ્ત થઇ શકી હોત. તે સમયે યજમાન ટીમને ત્રણ બોલમાં નવ રનની જરૂર હતી. પાછળથી સમજાયું કે ઈંગ્લેન્ડને માત્ર પાંચ રન આપવા જોઈએ કારણ કે ઓવર થ્રો સુધી બેટ્સમેનોએ બીજો રન પૂરો કર્યો નહોતો.

ઇરાસ્મસ કહ્યું હતું કે બીજા દિવસે સવારે ફાઇનલ પછી મેં નાસ્તો કરવા જતા મારા હોટલના રૂમનો દરવાજો ખોલ્યો અને ધર્મસેનાએ પણ તે જ સમયે તેનો દરવાજો ખોલ્યો અને તેણે કહ્યું, તમે તે જોયું? શું આપણે મોટી ભૂલ કરી છે? ત્યારે મને તેના વિશે ખબર પડી. પરંતુ મેદાન પર તે ક્ષણે, જેમ તમે જાણો છો, અમે એકબીજાને કહ્યું, 'છ, છ, તે છ રન છે' એ સમજ્યા વિના કે તેઓ એકબીજાને પાર કરી શક્યા નહોતા. 60 વર્ષીય અમ્પાયરે પાંચ વર્ષ પહેલા રમાયેલી ફાઇનલમાં બીજી ભૂલ સ્વીકારી હતી જ્યારે તેણે માર્ક વુડની બોલિંગ પર રોસ ટેલરને LBW જાહેર કર્યો હતો. દક્ષિણ આફ્રિકાના આ ભૂતપૂર્વ અમ્પાયરે કહ્યું હતું કે બોલ ખૂબ જ ઉંચો વાગ્યો હતો પરંતુ તેઓએ તેમના ડીઆરએસ પુરા કરી દીધા હતા.

કેકેઆરના પડકાર માટે દિલ્હી કેપિટલ્સ તૈયાર

સાંજે 7.30 વાગ્યાથી શરૂ થનારી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટ્સ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો સિનેમા પર

દિલ્હી કેપિટલ્સ સીએસકે સામે નોંધાવેલી જીતની રિધમ જાળવવા માગશે, કેકેઆરની જીતની હેટ્રીક કરવા પર નજર

વિશાખાપટ્ટનમ, તા. 02 (પીટીઆઈ) : આઇપીએલમાં આવતીકાલે બુધવારે અહીં દિલ્હી કેપિટલ્સ જ્યારે કોલકાતા નાઇટ રાઇડર્સ સામે અહીં મેદાને ઉતરશે ત્યારે એ સાબિત કરવા માટે ઉત્સુક હશે કે ચેન્નાઇ સુપર કિંગ્સ સામેની તેમની આરામદાયક જીત કઇ અમસ્તી નહોતી. જ્યારે કોલકાતા નાઇટ રાઇડર્સની નજર જીતની

હેટ્રિક પર હશે. દિલ્હી કેપિટલ્સ રવિવારે અહીં સીએસકે સામે 20 રને મળેલી જીતથી ઉત્સાહિત હોવાથી તેઓ પોતાના કેપ્ટન ઋષભ પંત પાસે બુધવારે કેકેઆર સામે પણ એવું જ શાનદાર પ્રદર્શન ઇચ્છશે.

દિલ્હી કેપિટલ્સ માટે પૃથ્વી શો અને અનુભવી ઓસ્ટ્રેલિયન ડેવિડ વોર્નર પર મજબૂત શરૂઆત કરવાની જવાબદારી રહેશે. દરમિયાન, પંત તેની પ્રેરણાત્મક યાત્રા ચાલુ રાખે તેવી આશા છે. બે ઇનિંગ્સ પછી, પંતે તેની આક્રમકતાનો પરચો બતાવ્યો હતો. દક્ષિણ આફ્રિકાના ટ્રીસ્ટન સ્ટબ્સ અને ઓસ્ટ્રેલિયન મિશેલ માર્શ જેવા ખેલાડીઓ, જેઓ વિપક્ષ પર હુમલો કરવામાં સક્ષમ છે, તેઓને ડેથ ઓવરમાં વધુ સારા બનવાની જરૂર છે કારણ કે દિલ્હી પાસે સ્થાનિક પાવર હિટરનો અભાવ છે.

લાંબી ઇજા પછી વાપસી કરનારા સાઉથ આફ્રિકાના એનરિક નોર્કિયાને હજુ સુધી તેની લય મળી નથી. આમ કેપિટલ્સના ભારતીય પેસ યુનિટે પ્રચંડ કેકેઆર સામે બળુકું પ્રદર્શન કરવું પડશે. સીએસકે સામે ખલીલ અહેમદનું પ્રદર્શન પ્રશંસનીય હતું, તેમ છતાં તેની લાંબા સમયથી ફિલ્ડિંગની મુશ્કેલીઓ ચિંતાનો વિષય છે. તે ખાસ કરીને હવાઈ કેચ સાથે સંઘર્ષ કરે છે. મુકેશ કુમાર પાસે ગતિનો અભાવ છે જ્યારે અનુભવી ઇશાંત શર્મા હરીફોને મુશ્કેલીમાં મુકવામાં સક્ષમ છે. બીજી તરફ કેકેઆર આ સિઝનમાં સારી દેખાઇ રહી છે, તેણે બે જીત નોંધાવી છે. ઓપનર ફિલ સોલ્ટ, ઓલરાઉન્ડર આન્દ્રે રસેલ અને વેંકટેશ અય્યર પ્રથમ બે મેચમાં સારા દેખાવમાં રહ્યા છે અને તેઓ દિલ્હીના પેસરો માટે પડકાર ઉભો કરશે.

કેકેઆર-રોયલ્સ, ગુજરાત-દિલ્હી વચ્ચેની IPL મેચનું શેડ્યૂલ બદલાયું : BCCI

કેકેઆર-રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચ હવે 17 એપ્રિલના સ્થાને એક દિવસ વહેલી 16 એપ્રિલના રોજ રમાશે

ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની 16 એપ્રિલે રમાનારી મેચ હવે એક દિવસ પછી 17 એપ્રિલે રમાશે

નવી દિલ્હી, તા. 02 (પીટીઆઇ) : ઇન્ડિયન પ્રીમિયર લીગની કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)ની રાજસ્થાન રોયલ્સ સામેની હોમ મેચ અગાઉના નિર્ધારિત શેડ્યૂલના એક દિવસ પહેલા અર્થાત 16 એપ્રિલે યોજવાનું નક્કી કરવામાં આવ્યું હતું, જ્યારે ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની અમદાવાદમાં રમાનારી મેચ નિર્ધારિત શેડ્યુલના એક દિવસ પછી 17 એપ્રિલે યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઇ) એ મેચના સમયપત્રકમાં મંગળવારે આ ફેરફાર કર્યા હતા. જોકે, બીસીસીઆઈએ તેની પાછળનું કોઈ કારણ જણાવ્યું નથી.

પીટીઆઈએ સોમવારે પોતાના સમાચારમાં કહ્યું હતું કે રામ નવમીના કારણે 17 એપ્રિલે કેકેઆર અને રોયલ્સ વચ્ચેની મેચના શેડ્યૂલમાં ફેરફાર લગભગ નિશ્ચિત છે. જોકે, બીસીસીઆઈએ આ બે મેચોના શેડ્યૂલમાં ફેરફારનું કોઈ કારણ જણાવ્યું નથી. બીસીસીઆઈએ નિવેદનમાં કહ્યું હતું કે 17 એપ્રિલ 2024ના રોજ કોલકાતાના ઈડન ગાર્ડન્સમાં યોજાનારી કોલકાતા નાઈટ રાઈડર્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચ હવે એક દિવસ પહેલા 16 એપ્રિલ 2024ના રોજ યોજાશે.

બોર્ડે સાથે જ જણાવ્યું હતું કે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અગાઉ 16 એપ્રિલના રોજ ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની મેચ યોજાવાની હતી. આ મેચ હવે 17 એપ્રિલ 2024ના રોજ રમાશે. એવું જાણવા મળ્યું છે કે કોલકાતા પોલીસ IPLની 17મી સિઝનની કેકેઆરની ત્રીજી હોમ મેચ માટે પૂરતી સુરક્ષા આપવામાં અસમર્થ હતી. આના ત્રણ દિવસ પહેલા ઈડન ગાર્ડન્સમાં લખનઉ સુપર જાયન્ટ્સ સામે મેચ છે.

બેન સ્ટોક્સ આગામી ટી-20 વર્લ્ડકપમાંથી ખસી ગયો

મારું આ બલિદાન મને ઓલરાઉન્ડર તરીકેની મારી ક્ષમતા પાછી મેળવવામાં મદદ કરશે : બેન સ્ટોક્સ

મારું ધ્યાન બોલિંગ ફિટનેસ મેળવવા પર છે જેથી હું તમામ ફોર્મેટમાં ઓલરાઉન્ડરની ભૂમિકા ભજવી શકું : સ્ટોક્સ

લંડન, તા. 02 (પીટીઆઇ) : ઈંગ્લેન્ડના સ્ટાર ખેલાડી બેન સ્ટોક્સે આગામી ટી-20 વર્લ્ડકપમાંથી ખસી જઇને કહ્યું હતું કે આ બલિદાન તેને સંપૂર્ણ તાકાતથી બોલિંગ કરવા માટે ફિટનેસ મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ કરશે અને તે નજીકના ભવિષ્યમાં તે ઓલરાઉન્ડરની ભૂમકા ભજવી શકશે. ઈંગ્લેન્ડના ટેસ્ટ કેપ્ટન સ્ટોક્સે અમેરિકા અને વેસ્ટ ઈન્ડિઝમાં રમાનારા ટી-20 વર્લ્ડકપના બે મહિના પહેલા ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઈસીબી)ને તેના નિર્ણય વિશે જાણ કરી છે. ઈસીબી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં સ્ટોક્સે કહ્યું હતું કે હું સખત મહેનત કરી રહ્યો છું અને મારું ધ્યાન બોલિંગ ફિટનેસ મેળવવા પર છે જેથી હું ક્રિકેટના તમામ ફોર્મેટમાં ઓલરાઉન્ડરની ભૂમિકા ભજવી શકું. તેણે કહ્યું હતું કે આઈપીએલ અને વર્લ્ડકપમાંથી બહાર રહેવાથી મને આશા છે કે આ બલિદાન મને નજીકના ભવિષ્યમાં ઓલરાઉન્ડર બનવામાં મદદ કરશે. તેણે કહ્યું કે થોડા સમય પહેલાના ભારત પ્રવાસ દરમિયાન મને લાગ્યું હતું કે હું બોલિંગ કરવા માટે સંપૂર્ણપણે તૈયાર નથી.

બે મહિલા ખેલાડીઓ સાથે કથિત ઝપાઝપી બદલ AIFFએ કમિટી સભ્ય દીપક શર્માને સસ્પેન્ડ કર્યો

હિમાચલ પ્રદેશની ખાડ એફસીની બે મહિલા ખેલાડીએ આરોપ મૂક્યો હતો કે 28 માર્ચની રાત્રે દીપક શર્માએ તેમના રૂમમાં ઘૂસીને તેમને માર માર્યો હતો

નવી દિલ્હી, તા. 02 (પીટીઆઇ) : ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન (એઆઈએફએફ)એ બે દિવસના વિલંબ પછી મંગળવારે આખરે કાર્યકારી સમિતિના સભ્ય દીપક શર્માને આગળની સૂચના સુધી સસ્પેન્ડ કરી દીધો હતો. શર્મા પર ગોવામાં બે મહિલા ખેલાડીઓ સાથે કથિત રીતે મારપીટ કરવાનો આરોપ છે. ભારતીય મહિલા ફૂટબોલ લીગ સેકન્ડ ડિવિઝનમાં ભાગ લેવા ગયેલી હિમાચલ પ્રદેશ સ્થિત ખાડ એફસીની બે ફૂટબોલ ખેલાડીઓએ આરોપ લગાવ્યો હતો કે 28 માર્ચની રાત્રે ક્લબના માલિક શર્માએ તેમના રૂમમાં ઘૂસીને તેમને માર માર્યો હતો.

શનિવારે એઆઈએફએફએ શર્માને તપાસ પૂરી ન થાય ત્યાં સુધી ફૂટબોલ સંબંધિત પ્રવૃત્તિઓથી દૂર રહેવા કહ્યું હતું. શર્માની ગોવા પોલીસે ધરપકડ કરી હતી પરંતુ બાદમાં તેને જામીન પર છોડવામાં આવ્યો હતો. એઆઈએફએફ એક્ઝિક્યુટિવ કમિટીએ દીપક શર્માને આગામી સૂચના સુધી તમામ ફૂટબોલ સંબંધિત પ્રવૃત્તિઓમાંથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો હોવાનું એઆઈએફએફએ એક રિલીઝમાં જણાવ્યું હતું. અગાઉ સોમવારે, એઆઈએફએફ પ્રમુખ કલ્યાણ ચૌબે, ઉપાધ્યક્ષ એનએ હેરિસ અને ટ્રેઝરર કિપા અજયે શર્મા વિરુદ્ધ ખેલાડીઓની ફરિયાદોની નોંધ લીધી હતી.

ભારત, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના બોર્ડ વચ્ચે ચેમ્પિયન્સ લીગ ટી-20 ટૂર્નામેન્ટ ફરી શરૂ કરવાની વાટાઘાટ

જો નવેસરથી ચેમ્પિયન્સ લીગ શરૂ થશે તો ડબલ્યુપીએલ, ધ હન્ડ્રેડ અને વિમેન્સ બિગ બેશ લીગની મહિલા ટીમો વચ્ચે રમાશે

2009થી 2014 દરમિયાન યોજાયેલી 6 ચેમ્પિયન્સ લીગમાં મુંબઇ ઇન્ડિયન્સ અને ચેન્નાઇ સુપર કિંગ્સ 2-2 વાર ચેમ્પિયન બન્યા હતા

ભારતની 3, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાની 2-2, પાકિસ્તાન, વેસ્ટ ઈન્ડિઝ અને ન્યુઝીલેન્ડની 1-1 ટીમે તેમાં ભાગ લીધો હતો

ચેમ્પિયન્સ લીગ ટી-20 ચેમ્પિયનશિપના આયોજનો અને વિજેતા

વર્ષ	યજમાન દેશ	વિજેતા	રનર અપ
2009	ભારત	ન્યૂ સાઉથ વેલ્સ બ્લૂઝ	ત્રિનિદાદ અને ટોબેગો
2010	દ. આફ્રિકા	ચેન્નાઇ સુપર કિંગ્સ	વોરિયર્સ
2011	ભારત	મુંબઈ ઈન્ડિયન્સ	રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર
2012	દ. આફ્રિકા	સિડની સિક્સર્સ	લાયન્સ
2013	ભારત	મુંબઈ ઈન્ડિયન્સ	રાજસ્થાન રોયલ્સ
2014	ભારત	ચેન્નાઇ સુપર કિંગ્સ	કોલકાતા નાઇટ રાઇડર્સ

મુંબઈ, તા. 02 (પીટીઆઇ) : ભારત, ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડના ક્રિકેટ બોર્ડ દસ વર્ષ પહેલા બંધ થયેલી ચેમ્પિયન્સ લીગ ક્લબ ટી-20 ચેમ્પિયનશિપને ફરીથી શરૂ કરવા માટે એકબીજા સાથે વાતચીત કરી રહ્યા છે. છેલ્લી વખત ચેમ્પિયન્સ ટી-20 લીગ 2014માં યોજાઈ હતી જ્યારે ચેન્નાઈ સુપર કિંગ્સે કોલકાતા નાઈટ રાઈડર્સને હરાવીને ટાઈટલ જીત્યું હતું. તે સમયે ભારતની ત્રણ, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકાની બે-બે અને પાકિસ્તાન, વેસ્ટ ઈન્ડિઝ અને ન્યુઝીલેન્ડની એક-એક ટીમે તેમાં ભાગ લીધો હતો.

ચેમ્પિયન્સ લીગના 2009-10 અને 2014-15ની વચ્ચે છ સત્રો રમાયા હતા, જેમાંથી ચાર ભારતમાં અને બે દક્ષિણ આફ્રિકામાં થયા હતા. ચેન્નાઈ સુપર કિંગ્સ અને મુંબઈ ઈન્ડિયન્સે બે વખત ટાઇટલ જીત્યું હતું જ્યારે ઓસ્ટ્રેલિયાની ન્યૂ સાઉથ વેલ્સ અને સિડની સિક્સર્સે એક-એક વખત ટાઈટલ જીત્યું હતું.

ક્રિકેટ વિક્ટોરિયાના સીઈઓ નિક કમિન્સે કહ્યું હતું કે અત્યંત વ્યસ્ત ક્રિકેટ કેલેન્ડરમાં તેના માટે વિન્ડો બનાવવાનો સૌથી મોટો પડકાર છે. ભારતમાં મેલબોર્ન ક્રિકેટ એકેડમી શરૂ કરવા માટે ખેલોમોર સાથેની ભાગીદારીના પ્રસંગે બોલતા, તેણે કહ્યું હતું કે મને લાગે છે કે ચેમ્પિયન્સ લીગ એક અકાળ પહેલ હતી. તે સમયે ટી-20 ક્રિકેટ એટલી પરિપક્વ નહોતી. પરંતુ હવે તે છે.

તેણે કહ્યું હતું કે ક્રિકેટ ઓસ્ટ્રેલિયા, ઈસીબી અને બીસીસીઆઇ તેને ફરી શરૂ કરવાની વાત કરી રહ્યા છે. આઇસીસીના વ્યસ્ત કેલેન્ડરમાં આ માટે વિન્ડો શોધવી મુશ્કેલ છે. કદાચ પ્રથમ ચેમ્પિયન્સ લીગ મહિલા ક્રિકેટમાં હશે જેમાં ડબલ્યુપીએલ, ધ હન્ડ્રેડ અને વિમેન્સ બિગ બેશ લીગની ટીમો રમશે.

શ્રીલંકા બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટ જીતીને સીરિઝ ક્લીનસ્વીપ કરવાના આરે

ચટગાંવ, તા. 02 : અહીં રમાઇ રહેલી બીજી અને અંતિમ ટેસ્ટમાં આજે મંગળવારે ચોથા દિવસે શ્રીલંકાએ મૂકેલા 511 રનના લક્ષ્યાંકનો પીછો કરતા બાંગ્લાદેશે 268 રનમાં સાત વિકેટ ગુમાવી દીધી છે અને તેમને મેચ જીતવા માટે હજુ 243 રનની જરૂર છે જ્યારે શ્રીલંકાને ટેસ્ટ જીતીને સીરિઝમાં ક્લીનસ્વીપ કરવા માટે માત્ર 3 વિકેટની જરૂર છે. ઝડપી બોલર લાહિરુ કુમારા, ડાબોડી સ્પિનર પ્રભાત જયસૂર્યા અને પાર્ટટાઇમ બોલર કામિન્દુ મેન્ડિસે બે-બે વિકેટ લઈને શ્રીલંકાને જીતના ઉંબરે પહોંચાડ્યું હતું. દિવસની રમતના અંતે મેહદી હસન 49 બોલમાં સાત ચોગ્ગાની મદદથી 44 રન બનાવીને રમી રહ્યો હતો જ્યારે તૈઝુલ ઈસ્લામ 10 રન પર રમી રહ્યો હતો. બાંગ્લાદેશની ટીમને જીતવા માટે હજુ 243 રનની જરૂર છે અને તેની હાર લગભગ નિશ્ચિત જણાઈ રહી છે.

સુડોકુ ૪૯૭૮ - 'કૃતિ'

૭				૬		૨	૧	૯
૧	૪		૮			૬	૫	૭
			૭				૮	
			૨	૫		૧	૩	૬
૫	૬			૩		૪		
	૭		૬		૮		૨	
૮	૩	૭	૧	૯			૪	
૨	૯	૪			૩			
૬		૫			૨			

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

શરીર પર ગાંઠ

આંકડા ના પાન તોડી બે ચમચી દૂધ ભેગું કરી તેમાં કાથો અને રેવાંચીનો શીરો ઘસી રોજ સવાર સાંજ લેપ કરવો. સાત દિવસ કરવું.

શબ્દગુંફન - ૬૬૨૯

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી

૧. સિંહ (૪)
૪. મહેક, ખુશબો (૪)
૬. એક ફૂલ (3)
૮. ઉપવાસ (૪)
૧૦. પૈસો, નાણું (૨)
૧૧. ધૂળ, જરાક (૨)
૧૨. આદર (૨)
૧૩. રમતમાં આવતો વારો (૨)
૧૪. સુંદર સ્ત્રી (૨)
૧૬. એક કઠોળ (૨)
૧૭. આદમી (૨)
૧૯. કલ્યાણ, લાભ (૨)
૨૦. કરાર, હોડ, બોલી (3)
૨૧. પતિ (૨)
૨૨. અભિપ્રાય (૨)
૨૩. હશે, છો ને (૨)
૨૪. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા (3)
૨૫. એક કંદમૂળ (3)
૨૬. મોટું (૨)
૨૭. ઉમ્મર (૨)
૨૮. એક સુંદર પક્ષી (૨)
૨૯. તૈયાર (3)
30. કસબ, હુન્નર (૨)
૩૧. આમ્રવૃક્ષ, આંબોલિયો (૨)
૩૨. ગધેડો (૨)
33. સ્થિર નજર (૨)

ઊભી ચાવી

૨. પ્રણામ (3)
3. સાચવણી, માવજત (3)
૪. પારકા પૈસા (૪)
૫. ફરિયાદ (૨)
૭. પીડા, કંટાળેલું (૨)
૮. મરે નહિ એવું (3)
૯. બાણ, તીર (૨)
૧૧. અવાજ (૨)
૧૨. એક મહિનો (૪)
૧૩. આપવું તે (૨)
૧૫. જાણીતું, વાકેફ (૫)
૧૭. સોના-રૂપાનાં તાર ખેંચવાનું સાધન (૪)
૧૮. માળા (૨)
૨૧. વલોપાત, સળવળાટ (૫)
૨૩. મોભો (૪)
૨૬. સોના-ચાંદીનું છેક પાતળું પતરું (3)
૨૮. આનંદ, લહેર (૨)



આજનું પંચાંગ

તા. 03/04/2024, બુધવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1945
વીર સંવત : 2550 **માસ :** ફાગણ
તિથિઃ વદ: નોમ 18.30
અયન : ઉત્તરાયન **ઋતુ :** વસંત
રાષ્ટ્રિય દિનાંક : ચૈત્ર 14
નક્ષત્ર : ઉ.ષા. 21.48
યોગ: શિવ **કરણ :** તૈતિલ
રાશિ : મકર (ખ.જ.)
દિવસ : મિશ્ર
સુરતમાં સૂર્યોદય : 06:32 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:52
નવકારસી : 07:20
પારસી વર્ષ : 1393, આવાં માસનો 22મો રોજ
મુસલમાન વર્ષ : 1445, રમજાન માસનો 23મો રોજ
દિવસનાં ચોઘડિયાંઃ લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ
રાત્રિનાં ચોઘડિયાંઃ ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ
રાહુ કાળ : બપોરે 12:00 થી 13:30 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ.લ.ઇ.): સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજવસ્તુ તથા કાપડ, મોજશોખના ધંધામાં લાભ થાય.

વૃષભ (બ.વ.ઉ.): ધાર્મિક યાત્રા થાય પણ સગાસંબંધીઓ સાથે વિવાદથી અશાંતિ વધશે.

મિથુન (ક.છ.ઘ.): મનગમતા ભોજનનો આસ્વાદ મળ પણ આરોગ્યનો સાથ ઓછો મળે.

કર્ક (ડ.હ.): દાંપત્યજીવન રંગીન અને રસીક બને. પ્રેમ પ્રકરણો વિવાહમાં ફેરવાય.

સિંહ (મ.ટ.): વિજાતિય આવેગ સતાવે. સ્ત્રી વર્ગ સાથે વ્યવહારમાં સાવધાન રહેવું.

કન્યા (પ.ઠ.ણ.): પ્રેમમાં આવેગ વધે. ગેરસમજથી વિવાદ થાય. અભ્યાસના કામમાં મદદ મળે.

તુલા (ર.ત.): ઘરમાં સુખ સગવડનાં સાધનો વધશે. મકાન, વાહનના કામમાં પ્રગતિ થાય.

વૃશ્ચિક (ન.ય.): પ્રવાસમાં મિલન મુલાકાત થાય. અચાનક શુભ સમાચાર મળે.

ધન (ભ.ધ.ફ.ઢ.): વાણી વ્યવહાર અને ખાણીપીણીને સંલગ્ન નોકરી વ્યવસાયમાં લાભ.

મકર (ખ.જ.): સમાજજીવનમાં સાવધાની રાખવી. વધુ પડતા વ્યવહારુ બનવાનું ટાળવું.

કુંભ (ગ.સ.શ.ષ.): મોજશોખ પાછળ ખર્ચા વધશે. વિદેશના કામ પાર પડશે.

મીન (દ.ચ.ઝ.થ.): સ્ત્રી મિત્રોનો સાથ મળે. પ્રેમમાં સહકાર મળે. અચાનક લાભ થાય.

કોઇ પણ સાલમાં

03 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ નવી નવી તકો અને સંઘર્ષવાળુ રહેશે. ચડતીપડતી સાથે પ્રગતિ થાય. નવી જવાબદારીઓ આવે. સામાજિક કામમાં ધીરજ રાખવી. નોકરીમાં લોભ લાલચથી બચવું. નવા ધંધા વ્યવસાયમાં નવી ટેક્નોલોજીનો લાભ મળે. વડીલો તથા મિત્રોની મદદ સંતાનોના કામમાં મળે. ઉંમરલાયકના વિવાહ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. સંતાનોથી શાંતિ મળે. વિદ્યાર્થીઓને મદદ મળે. વિદેશના કામ ધીમાં પડશે. નવા ઘર, વાહન, મકાન બાબતે પ્રગતિ થાય. વારસા બાબતે મદદ મળે. વર્ષના મધ્યમાં મોટા ભાગના કામમાં પ્રગતિ જોવા મળશે. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણી આવી શકે છે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મ થાય. એપ્રિલ-માર્ચ તથા નવેમ્બર-ડિસેમ્બરમાં ભાગ્યનો સાથ મળે. જૂન-જુલાઇમાં ખર્ચા વધશે. વિવાદ થાય.